ડિસેમ્બર ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સુખ કે દુઃખ માન્યતાથી જ !



## સંપાદકીય,

બાળમિત્રો,

ખરેખર જોઈએ તો સુખ અને દુઃખ કોઈ બહારનું આપવા આવતું નથી પણ આપણી સવળી કે ઊંધી માન્યતા જ આપણને સુખ કે દુઃખ આપી જાય છે.

માનવામાં નથી આવતું ? તો આ અંક જરૂર વાંચો. આ અંક વાંચ્યા પછી તમને ચોક્કસ લાગશે કે સુખી કે ખુશ રહેવું કેટલું સહેલું છે !

પરમ પૂજ્ય દાદાશ્રીએ આના પર સુંદર છણાવટ કરી છે. દાદાશ્રીની સમજણને નાનકડી વાર્તાઓ દ્વારા આમાં પ્રકાશિત કરી છે જેથી તમને સમજવામાં સરળતા રહે અને તમે પણ સવળી માન્યતાને સમજીને ખુશ રહેતા થઈ જશો.

-ડિમ્પલ મહેતા

# અક્રમ એક્સપ્રેસ

## અનુક્રમણિકા


૩ દાદાજી કહે છે... માન્યતાનું દુઃખ

૪ એમનું સ્વર્ગ

૮ લકી/અનલકી માન્યતા ? જ્ઞાની કહે છે...

૯ લકી કોઇન

૧૨ સ્વામી વિવેકાનંદની નીડરતા

૧૩ પોઝિટિવ દૃષ્ટિએ નુકસાનમાંય નફો જ્ઞાની કહે છે....

૧૪ દૃષ્ટિના ચશ્મા

૧૬ પોઝિટિવિટીનો પાવર

૧૯ ફોટો દુનિયા


સુખ કે દુઃખ માન્યતાથી જ !


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૪
સળંગ અંક : ૬૪
ડિસેમ્બર ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...
# માન્યતાનું દુઃખ

દાદાશ્રી : આ દુઃખ છે તે અવળી સમજણનું છે. જો સાચી સમજણ ફીટ કરે તો દુઃખ જેવું છે જ નહીં. આ આપણો પગ પાક્યો હોય તો આપણે તપાસ કરવાની કે મારા જેવું દુઃખ લોકોને છે કે કેમ ? દવાખાનામાં જોઈ આવીએ ત્યારે ખબર પડે કે ઓહોહો ! દુઃખ તો અહીં જ છે. મારા પગે જરાક થયું છે ને હું નાહક દુઃખી થઈ રહ્યો છું. એ તો તપાસ કરવી પડે ને ! વગર તપાસે દુઃખ માની લઈએ તે પછી શું થાય ? આ વગર વિચારે ઠોકમઠોક કર્યું છે કે આ દુઃખ છે, આ દુઃખ છે !

હું ન્યાયાધીશ હોઉં તો બધાને સુખી કરીને સજા કરું. કોઈને એના ગુના માટે સજા કરવાની આવે તો પહેલાં તો હું એને પાંચ વર્ષથી ઓછી સજા થાય એવું નથી એવી વાત કરું. પછી વકીલ ઓછાં કરવાનું કહે ત્યારે ૪ વર્ષ, પછી ૩ વર્ષ, ૨ વર્ષ એમ કરતાં કરતાં છેલ્લે છ મહિનાની સજા કરું. આથી પેલો જેલમાં તો જાય અને સુખી થાય. મનમાં રાજી થાય કે છ મહિનામાં પત્યું જો તેને પહેલાં જ છ મહિનાની સજા થશે, એમ કહેવામાં આવે તો એને એ બહુ લાગે. આ તો માન્યતાનું જ દુઃખ છે.


કેવી સરસ વાત છે દાદાશ્રીની ! ચોર જેલમાં જાય તો પણ રાજી થઈને જાય ! હવે પછીની દર્શાવેલી વાર્તામાં મુખીયાજીએ પણ આવી જ યુક્તિ કરી અને લક્ષ્મીને એક સરસ મજાનો પાઠ ભણાવ્યો ! ચાલો, આપણે ભીખુ અને લક્ષ્મીની મૂંઝવણ અને મુખીયાજીની સરસ મજાની યુક્તિ વિષે વાંચીએ...





*"આ દુઃખ છે તે અવળી સમજણનું છે. જો સાચી સમજણ ફીટ કરે તો દુઃખ જેવું છે જ નહીં."*

# એમનું સ્વર્ગ


ભીખુ નામનો ખેડૂત એક નાનકડી ઝૂંપડીમાં એની પત્ની લક્ષ્મી સાથે રહેતો હતો. એક દિવસ,
ભીખુ, તારા મામા ગુજરી ગયા. મામી બહુ દુઃખી છે. એમણે કહેવડાવ્યું છે કે તું આવીને એમને તેડી જા.
શું ?! મામીને અહીંયા લઈ આવું ? પણ હું એમને રાખીશ ક્યાં ?
એ બધું હું કંઈ ના જાણું.
કચવાતા મને ભીખુ મામીને પોતાની પાસે તેડી લાવ્યો. થોડા દિવસ પછી,
મામી આખી રાત નસકોરા બોલાવે છે. એના કારણે મને જરાય ઊંઘ નથી આવતી. મને નથી લાગતું કે આપણે મામીને આપણી ઝૂંપડીમાં રાખી શકીએ.
હા, એમના આવવાથી આપણા ઘરમાં કેટલી બધી ભીડ થઈ ગઈ છે. રસોડામાં તો હલવાની પણ જગ્યા નથી હોતી. તમે આપણા મુખીયાજીની સલાહ લો ને. એ બહુ સમજદાર છે. એ જરૂર કોઈ ઉપાય બતાડશે.
મુખીયાજીએ ભીખુની બધી વાત સાંભળી.
ભીખુ, તારી પાસે કોઈ પશુઓ છે ?
હા મુખીયાજી, એક ગાય અને એક બકરી છે.
અક્રમ એક્સપ્રેસ ડિસેમ્બર ૨૦૧૩


સારું તો એક કામ કર. ગાયને ઘરમાં લઈ આવ.
શું ??!! ઘરમાં ? પણ હું એને રાખીશ ક્યાં ?
ઘરના દરવાજામાં બાંધી દેજે. બસ તારી બધી સમસ્યાનો અંત આવી જશે.
ઘરે આવીને, ભીખુએ મુખીયાજીએ આપેલો ઉપાય લક્ષ્મીને કહ્યો.
આવું કહ્યું મુખીયાજીએ ? મુખીયાજી તો વિદ્વાન માણસ છે. આપણે એમનો ઉપાય અજમાવવો તો જોઈએ જ.
ત્યાર પછી, ભીખુ અને લક્ષ્મીની જિંદગી ખરાબમાંથી અત્યંત ખરાબ થઈ ગઈ, ઘરમાં જતા આવતા ગાય સાથે ટક્કર થયા જ કરતી. એટલું જ નહીં, પણ ગાય બેઠી-બેઠી એમનો કામળો પણ ચાવી ગઈ.
એક અઠવાડિયા પછી,
જાઓ, જઈને મુખીયાજીને કહો કે અત્યારની સ્થિતિ પહેલાં કરતાં સો ગણી વધુ ખરાબ છે.
મુખીયાજીએ ફરી ભીખુની વાત ધ્યાનથી સાંભળી.
તે કહ્યું હતું ને કે તારી પાસે બકરી પણ છે ? એક કામ કર, બકરીને પણ ઘરમાં લઈ આવ.


પણ મુખીયાજી, હું બકરીને રાખીશ ક્યાં ?
તારા પલંગ પાસે એને બાંધી દેજે. હવે તો તારી બધી સમસ્યાઓનો અંત ચોક્કસ આવી જ જશે.
ભીખુની વાત સાંભળી લક્ષ્મી રડવા લાગી.
આવુ કહ્યું મુખીયાજીએ ! આપણી પાસે મુખીયાજી આ શું કરાવી રહ્યા છે ? ઘરમાં જ્યાં જુઓ ત્યાં ગાયનું છાણ છે અને હવે એ કહે છે કે બકરી પણ અંદર લઈ આવીએ ? બસ, બહુ થયું.
પણ, તે જ તો કહ્યું હતું કે એ ભણેલા ગણેલા છે એટલે એમની સલાહ પર અમલ કરવાની આપણે કોશિશ કરવી જોઇએ.
આંસુ લૂછીને લક્ષ્મી બકરીને ઘરમાં લઈ આવી. પણ એક આખો દિવસ એણે માંડ માંડ પસાર કર્યો.
બીજા દિવસે લક્ષ્મી પણ ભીખુ સાથે મુખીયાજી પાસે ગઈ.
મુખીયાજી, ગઈ કાલે આપે અમને બકરીને ઘરની અંદર લઈ આવવા કહ્યું, એની પહોંચમાં જે હતું એ બધું જ તે ખાઈ ગઈ છે. એટલું જ નહીં...
બહેન... પણ..
મને મારી વાત પૂરી કરવા દો. આજે હું ખૂબ જ મજબૂર થઈને તમારી પાસે આવી છું. અને એનું કારણ છે પેલી ભયાનક ગંધ. તમે ક્યારેય બકરીની નજીક સૂતા છો ? મેં આખી રાત એક મટકું પણ નથી માર્યું. તમે જ કહો, હવે અમે શું કરીએ?


એક કામ કરો. હવે બકરી અને ગાયને ઘરની બહાર લઈ જાઓ. ઘર ચોખ્ખું કરી નાખો અને પછી મને કહો કે કેવું લાગે છે.
બે દિવસ પછી,
આપનો ખૂબ ખૂબ આભાર. હવે અમારું ઘર એકદમ ચોખ્ખું અને સરસ થઈ ગયું છે. અને કોઈ વાસ પણ રહી નથી.
પણ, મામીનું શું ? તમને ઘરમાં ખીચોખીચ નથી લાગતું ?
ખીચોખીચ ? ના, મુખીયાજી હવે તો મને ઘર મહેલ જેવું લાગે છે.
સ્વર્ગ જેવું ! મામી છે તો મને મદદ રહે છે. હવે, હું ક્યારેય ફરિયાદ નહીં કરું.
થોડી મુશ્કેલી વેઠીને પણ તમને સાચી વાત સમજાઈ તો ખરી ! જ્યાં કશું જ દુઃખ ના હોય ત્યાં ઘણી વાર લોકો દુઃખ ઊભું કરી દેતા હોય છે. સાચી સમજણ વડે સમજાય કે ખીચોખીચ લાગતું ઘર ખરેખર 'સ્વર્ગ' જ હતું !
અક્રમ એક્સપ્રેસ ડિસેમ્બર ૨૦૧૩



# લકી/અનલકી-માન્યતા ? જ્ઞાની કહે છે...

નીરુમા : આપણામાં તો કેટલી બધી અંધશ્રદ્ધાઓ હોય છે. અમથા અમથા ૯નો આંકડો લકી નંબર ને ૧૩નો આંકડો અપશુકનિયાળ છે, અનલકી છે. એટલે એ આકંડો વપરાય જ નહીં. પણ તેર તારીખે જન્મ્યો હોય તો તે શું કરે ? આપણે આ ભાઈઓમાં કેટલી બધી માન્યતાઓ છે, આ શર્ટ કે આ પેન્ટ એ લકી કહે, કંઈ સારું હોય તો લકી માટે એ જ વાપર્યા કરે. આ બધું શાને માટે કરે તો કે આત્મવિશ્વાસને ટકાવી રાખવા. નેગેટિવ આવતું હોય તો તેને તોડી પોઝિટિવને પકડી રાખવા. કોઈ પણ કામ કરવાનું હોય તો બુદ્ધિ ગણતરી કર્યા જ કરતી હોય. ધારો કે પરીક્ષા આવી હોય, મહીં થયા કરે કે વાંચીશ તો યાદ રહેશે કે નહીં રહે, પરીક્ષા વખતે લખાશે કે નહીં લખાય, ભૂલી જઈશ તો શું થશે, પછી પરીક્ષા આપ્યા પછી પાછું ચાલું થઈ જાય, પાસ થઈશ કે નાપાસ થઈશ, નાપાસ થઈશ તો શું થશે. બુદ્ધિ આવું નેગેટિવ બતાડ્યાં કરે. એ નિર્ણય પર ના આવી શકે એટલે પછી વિશ્વાસ ના આવે. બુદ્ધિ જ્યાં નેગટિવ દેખાડેને ત્યાં આપણો આત્મવિશ્વાસ તોડી નાખે.

જો આત્મવિશ્વાસ ડેવલોપ કરવો હોય તો બુદ્ધિ જે નેગટિવ બતાડે એને ગાંઠવાનું નહીં. એને કહેવાનું કે તારી વાતમાં હું જરાય સહમત નથી, ગેટ આઉટ. પોઝિટિવ જ રહેવાનું, તો આત્મવિશ્વાસ બહુ ડેવલોપ થશે.

નિયમ કેવો છે, મહી તમારું ડગુમગુ ના થાય, સ્થિર થાય તો ઓટોમેટિક બહાર પણ કામ સક્સેસ જાય. મહી હાલમ ડોલમ હોય ને તો બહાર પરિણામ પણ હાલમ ડોલમ આવે.

આજે તો આપણે નવું જ શીખ્યા કે પોઝિટિવ વલણ એ જ આત્મવિશ્વાસ માટેની ચાવી છે, લકી કે અનલકી જેવું હોતું જ નથી. ચાલો તો હવે પછીની વાર્તામાં આપણે જોઈએ, શું શ્લોકને એનો લકી કોઈન રેસ જીતવામાં ખરેખર કામ આવ્યો ?

# લકી કોઈન

રેસ શરુ થવાને થોડી જ ક્ષણોની વાર હતી. શ્લોકે એના ખિસ્સામાં હાથ નાખી ચેક કર્યું કે એ છે ને ? એને 'હાશ' થઈ અને એ રેસ માટે તૈયાર થઈ ગયો.

'ગો...' રેફ્રીએ વ્હીસલ વગાડી જોરથી કહ્યું. શ્લોક પુરા જોશથી દોડ્યો અને એક જ મિનિટની અંદર એણે સૌથી પહેલી ફિનિશિંગ લાઈન પાર કરી નાખી.

'હે....હે....જીતી ગયો....!!' શ્લોકે બેઉ હાથ હવામાં ઉછાળતા બૂમ પાડી. શ્લોકને અભિનંદન આપતાં મીરા બોલી, "ગૂડ જોબ બ્રધર. આજની જીતનો મતલબ એ કે તને હવે આવતા મહિનાની ચેમ્પ્યનશીપમાં ભાગ લેવા મળશે, રાઈટ ?"

"ઓહ યેસ, અને એ પણ હું જીતવાનો જ છું, થેન્ક્સ ટુ ધીસ" એનું પોકેટ થાબડતા શ્લોક બોલ્યો.

"થેન્ક્સ ટુ યોર પોકેટ ?" હસતા હસતા મીરાએ પૂછ્યું. એના ચહેરા પર આશ્ચર્ય ચિન્હ હતું.

"પોકેટ નહીં, પોકેટની અંદર જે છે એના કારણે." એમ કહી શ્લોકે એક જૂનો તાંબાનો સિક્કો એના પોકેટમાંથી બહાર કાઢ્યો.

સિક્કો મીરાને બતાવતા એ બોલ્યો, "આ મારો મેજિક લકી કોઈન છે. આના કારણે જ હું બધી રેસ જીત્યો છું. અને ભવિષ્યમાં પણ આ જ રેસ જીતાડશે."

આ સાંભળી મીરાને ખૂબ નવાઈ લાગી. માથું હલાવતા એ બોલી, "ઓહ શ્લોક, મને ખબર નહીં કે તું આટલો બધો અંધશ્રધ્ધાળુ છે. તુ કોઈ કોઈનના કારણે આ રેસ નથી જીત્યો, તારી મહેનત, લગન અને ટ્રેનીંગના કારણે જીત્યો છે."

"તારે મારો વિશ્વાસ ના કરવો હોય તો ના કરીશ, પણ મને ખબર છે કે હું આના કારણે જ જીત્યો છું. અને આ જ મને ચેમ્પ્યનશીપમાં 'ગોલ્ડ મેડલ' જીતાડશે" કોઈન પાછો પોકેટમાં મૂકતા શ્લોક બોલ્યો. અને વાત ત્યાં અટકી ગઈ. દિવસો વીતતા ગયા.




રેસને હવે ત્રણ જ દિવસ બાકી હતા. મીરા રૂમમાં એનું હોમવર્ક કરતી હતી અને શ્લોક વજન ઉંચકીને શરીર કસતો હતો. અચાનક મીરાને મોટી ચીસ સંભળાઈ.

"ઓહ નો !!!" શ્લોકે જોરથી ચીસ પાડી.

શ્લોકને બહુ વાગ્યું હશે એમ વિચારીને મીરા ઝડપથી બેઝમેન્ટમાં દોડી. જોયું તો શ્લોક પલાંઠી વાળીને જમીન પર બેઠો હતો. એ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

"શું થયું શ્લોક ? કંઈ વાગ્યું ? મમ્મીને બોલાવું ?" મીરા ખૂબ ગભરાઈ ગઈ હતી.

"મને કશું વાગ્યું નથી" મીરાનો હાથ પોતાના ખભેથી ખસેડતા શ્લોક બોલ્યો, "હું પ્રેક્ટિસ કરતો હતો. અચાનક મેં પોકેટમાં હાથ નાખ્યો કે મારો મેજિક કોઈન છે ને.. અને એ નહોતો..

હું બધે શોધી વળ્યો પણ એ ક્યાંય નથી. હવે મારું શું થશે ? ત્રણ દિવસ પછી રેસ છે. મને જો એ કોઈન નહીં મળે તો ખલાસ... રેસમાં જીતવાના કોઈ ચાન્સ નથી.'' શ્લોક ટેન્શનમાં બોલ્યે જતો હતો.

આ સાંભળી મીરાને શ્લોક પર ગુસ્સો આવ્યો. ''આના માટે તે આટલી મોટી ચીસ પાડી અને મને ડરાવી ? આવી બેવકૂફ વસ્તુ માટે ? કોઈન અને રેસને શું લાગે વળગે છે ?''

પણ શ્લોક તો સાવ નાસીપાસ થઈ ગયો હતો. માથે હાથ મૂકીને નિરાશ થઈને બોલ્યો, ''હવે જીતવાના કોઈ ચાન્સ નથી. હવે હું ચોક્કસ હારી જઈશ.''

રૂમમાં થોડીવાર સુધી ચૂપકીદી છવાઈ ગઈ. મીરાને સમજણ ના પડી કે એ શું કહે. એ શ્લોક પાસે જઈને બેઠી અને પછી ધીમે રહીને શ્લોકને સમજાવતા બોલી, ''જેટલો વિશ્વાસ, જેટલી શ્રદ્ધા તેં એ નાના અમથા કોઈન પર રાખી હતી, એટલી શ્રદ્ધા તું તારી મહેનત અને આવડત પર રાખીશ તો ચોક્કસ સફળ થઈશ. તારી શ્રદ્ધા તને ફળ આપે છે, એ કોઈન નહીં. પોઝિટિવ રહે અને તારી જાત પર શ્રદ્ધા રાખ. એ તારા લકી કોઈન કરતા વધારે કિંમતી છે. અને જો તું હારીશ તો એ કોઈન ખોવાઈ ગયો એના કારણે નહીં પણ તારા નેગેટિવ વલણના કારણે હારીશ. તને સમજાય છે ?''

શ્લોકે માથુ ધુણાવી 'હા' તો પાડી પણ છતાંય એ મીરાની વાતથી પૂરેપૂરો સહમત નહોતો. એને ખાતરી હતી કે એ 'લકી કોઈન'ના કારણે જ અત્યાર સુધી જીતતો હતો અને એના વગર એ હારી જ જશે.


રેસના દિવસ સુધી શ્લોક લકી કોઈન શોધતો જ રહ્યો. રેસ શરૂ થવાની થોડી મિનિટની વાર હતી. મીરા શ્લોક પાસે ગઈ, ''શ્લોક, પોઝિટિવ રહેજે અને તારી જાત પર વિશ્વાસ રાખજે...''

મીરાનું વાક્ય અડધેથી જ કાપતા શ્લોક બોલ્યો, ''હા મીરા, તું આ બધું મને પહેલા પણ કહી ચૂકી છે. પણ તને ખબર છે ને લકી કોઈન વગર.....''

''આ લે. હું તારા માટે એક સરપ્રાઈઝ લાવી છું.'' શ્લોકનું વાક્ય અડધેથી કાપીને એને કોઈન ધરતા મીરાએ કહ્યું.

''ઓહ વાઉ મીરા ! તું મહાન છે ! તને મારો લકી કોઈન મળી ગયો !! હવે તું જો કે આ રેસ હું કેવી રીતે જીતું છું.'' કોઈન પોકેટમાં મૂકીને શ્લોક ટ્રેક પર દોડ્યો.

''ગેટ સેટ.... ગો !'' એનાઉન્સમેન્ટ થતાં જ શ્લોક પવનના વેગે દોડ્યો અને આસાનીથી રેસ જીતી ગયો. ટ્રોફી લઈ એ મીરા પાસે આવ્યો.



"ગ્રેટ રેસ શ્લોક. આખરે તેં રેસ જીતી દેખાડી!" શ્લોકને અભિનંદન આપતા મીરા બોલી.


"થેંક યુ મીરા. લકી કોઈન મળી જવાના કારણે મારામાં એક જુદા જ પ્રકારનો જોસ આવી ગયો હતો. હવે તો તને વિશ્વાસ થયો ને કે લકી કોઈન ખરેખર કેટલો લકી છે ?" શ્લોકે મીરાને પૂછ્યું.

માથું હલાવીને મીરા બોલી, "તું તારા લકી કોઈનને તપાસીને મને કહે કે મને તારી પર વિશ્વાસ આવવો જોઈએ કે તને મારી પર વિશ્વાસ આવવો જોઈએ ?"

શ્લોક મૂંઝાઈ ગયો. એણે પોકેટમાંથી મીરાએ આપેલો કોઈન કાઢ્યો અને તપાસ્યો. એ એનો લકી કોઈન નહોતો, પણ એક સાધારણ પચ્ચીસ પૈસાનો કોઈન હતો. મીરાએ જ્યારે એને કોઈન આપ્યો ત્યારે ઉતાવળમાં એણે કોઈન તપાસ્યો જ નહોતો.

શ્લોક ભોંઠો પડી ગયો. એણે કોઈન સામે નજર કરી અને ફરી મીરા સામે જોયું. અને બંને એક બીજાને જોઈને જોરથી હસી પડ્યા.

"લકી કોઈન ગુમાવવું મારા માટે એકદમ લકી બની ગયું ! એ ગુમાવીને મેં મારો ખોવાયેલો આત્મવિશ્વાસ મેળવી લીધો." કોઈન ખિસ્સામાં મૂકતા શ્લોક બોલ્યો.



# સ્વામી વિવેકાનંદની નીડરતા


નાનપણથી જ નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) વહેમ અને ભયથી મુક્ત હતો. નરેન્દ્રનો મિત્ર એના ઘરની બાજુમાં જ રહેતો. તેના આંગણામાં એક ઝાડ હતું. એની ઉપર બન્ને દોસ્તો ચડતા અને તોફાનમસ્તી કરતા. મિત્રના વૃદ્ધ દાદાને છોકરાઓ પડી જશે એવો ડર લાગ્યો.

એમણે છોકરાઓને કહ્યું, ‘‘છોકરાઓ, એ ઝાડ ઉપર ન ચડતા. એની ઉપર એક બ્રહ્મરાક્ષસ રહે છે. ઝાડ ઉપર જે ચડે તેની ડોકી મરડી નાખે છે.’’

આમ કહી દાદા ચાલ્યા ગયા. નરેન્દ્રએ ઝાડ ઉપર ચડવા માંડ્યું. પેલા મિત્રે ગભરાઈને કહ્યું, ‘‘અરે નરેન્દ્ર, ઉપર ન ચડીશ. રાક્ષસ ડોક મરડી નાખશે.’’

એ સાંભળીને નરેન્દ્ર ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, ‘‘અરે ડરે છે શું કામ ? દાદાની વાત સાચી હોત તો મારી ડોક એ રાક્ષસે ક્યારની મરડી નાખી હોત.’’

જોયું મિત્રો, નરેન્દ્રએ પોતાની મહીં કોઈ પણ જાતનો ભય કે અંધશ્રધ્ધા પેસવા ના દીધી અને કેવા નીડર રહ્યા ! આજે આપણે પણ નક્કી કરીએ કે ભૂત કે રાક્ષસ જેવી કોઈ પણ જાતની અંધશ્રધ્ધામાં આપણે નહીં ફસાઈએ.



# પોઝિટિવ દૃષ્ટિએ નુકસાનમાંય નફો જ્ઞાની કહે છે....

દાદાશ્રી : આપણને કોઈ જ્યોતિષીએ હાથ જોઈને કહ્યું હોય કે ચાર ઘાતો છે. હવે એમાંથી એક ઘાત ગઈ તો આપણે આનંદ માનવો જોઈએ કે હાશ, એક ઓછી થઈ. એવી જ રીતે, અપમાન, ગાળો એવું બધું આપણી પાસે આવે તો આનંદ માનવો કે હિસાબમાંથી એક દુઃખ ઓછું થયું. આવું જો રહે તો પેલું ઊડી જ જાય ને કે 'મને કેમ ગાળો આપી?'

નીરુમા : જે મળ્યું છે એ સુખ નથી ભોગવાતું અને વગર કામનું સ્પર્ધાથી દુઃખ ભોગવે છે. સ્પર્ધાનું દુઃખ એટલે સરસ મજાના બાસમતી રાઈસ બનાવીએ અને ઉપરથી કાંકરા નાખીને ખાઈએ એના જેવું છે. એટલે આ દુઃખ છે તે અણસમજણના છે. અણસમજણથી સ્પર્ધા ઊભી થાય અને પછી દુઃખ, દુઃખ ને દુઃખ. તીર્થંકરોએ બહુ સરસ રસ્તો બતાડ્યો છે કે દુઃખમાંથી સુખ કેવી રીતે ઉપાર્જન કરવું.

મહાવીર ભગવાને એમના શિષ્યોને શીખવાડ્યું કે તમે બહાર જાવ છો ને લોકો એકાદ લાકડી મારે તો આપણે એમ સમજવું કે લાકડી એકલી જ મારીને, હાથ તો નથી ભાંગ્યોને! એટલી તો બચત થઈ!

બે હાથ કાપી નાંખ્યા ત્યારે કહે, પગ તો છે ને!

બે હાથ ને બે પગ કાપી નાંખે તો કહેવું કે હું જીવતો તો છું ને. આંખે તો દેખાય છે ને!

લાભાલાભ ભગવાને દેખાડ્યું. તું રડીશ નહીં, હસ, આનંદ પામ. વાત ખોટી નથી ને? ભગવાને કેવી દૃષ્ટિથી જોયું જેથી નુકસાનમાં પણ નફો દેખાય? જે બચ્યું એનું સુખ માણે, ગયું એને યાદ પણ ના કરે.

આપણી પાસે જે હોય એને સ્વીકારીએ તો જરાય ભોગવટો નહીં આવે.હવે પછીની દર્શાવેલ વાર્તામાં ભાવિકને પણ સ્પર્ધાનું દુઃખ સતાવતું હતું. શું એ દુઃખમાંથી એ બહાર નીકળી શક્યો ? શું એને કમ્પેરીઝનના ભોગવટામાંથી બહાર નીકળવાની સાચી સમજણ પ્રાપ્ત થઈ?

આપણે જોઈએ.....



# દ્રષ્ટિના ચશ્મા

“કોન્ગ્રેચ્યુલેશન ભાવિક! ૮૨%!! વાહ દોસ્ત વાહ, આજે સાંજે પાર્ટી? ભાવિકના રીપોર્ટ કાર્ડમાં નજર કરતા એનો બેસ્ટ ફ્રેન્ડ હર્ષ ઉત્સાહથી બોલ્યો.

મોઢું લટકાવીને ભવિક બોલ્યો, “૮૨ %માં શું પાર્ટી?” આ વખતે ફરી વિજ્ઞાનમાં ધબડકો પડ્યો.”

હર્ષે એના હર્ષિલા મિજાજમાં ભાવિકને ખભે હાથ રાખતા કહ્યું, “અરે યાર, આવતી પરીક્ષામાં વિજ્ઞાનમાં વધુ મહેનત કરજે. પણ એમાં રડે છે શું? ઈંગ્લીશમાં સૌથી વધુ માર્કસ આવ્યા એની ખુશી મનાવને?”


પણ ખુશી મનાવે એ બીજા. ભાવિકને તો પોતાની જાતને બીજા સાથે સરખાવી દુઃખી થવાની આદત જ પડી ગઈ હતી. ક્યારેક કોઈકના વધુ સારા માર્કસથી દુઃખી થઈ જતો, તો ક્યારેક કોઈકની વધુ સારી વસ્તુને જોઈને ઊણપ અનુભવતો. એટલું જ નહીં, પણ ક્યારેક તો મમ્મી-પપ્પા એના કરતા નાની બહેનને વધુ સારી રીતે રાખે છે, એવું વિચારીને દુઃખી થઈ જતો.

શનિવારની બપોર હતી. દર વખતની જેમ હર્ષ અને ભાવિક એમના ફ્રેન્ડસ સાથે બીચ ઉપર વોલીબોલ રમવા ભેગા થયા. અંધારુ થવા આવ્યું એટલે સૌ કોઈ પોત પોતાના ઘરે જવા રવાના થયા. હર્ષે અને ભાવિક પણ એમના ઘર તરફ ચાલી રહ્યા હતા.

“મજા આવી ગઈ આજની ગેમમાં. ધ્રુવ કેવું જોરદાર રમે છે ને?” વોલીબોલને હવામાં ઉછાળી, કેચ કરતા હર્ષ બોલ્યો.

“હમમમ, ખબર નહીં આટલું સારું રમતા એ કેવી રીતે શીખી ગયો. અને તે એના શુઝ જોયા? આજે એણે નાઈકીના શુઝ પહેર્યા હતા. કેટલા વખતથી મારે એવા નાઈકી શુઝ લેવા હતા. પણ મારા તો નસીબમાં જ નથી,” ફરી એજ ઉદાસ ચહેરે ભાવિક બોલ્યો.

આ સાંભળી હર્ષ થોડીક વાર માટે ચૂપ થઈ ગયો. થોડું



વિચારીને એણે કહ્યું, "ભાવિક, તને આપણી સ્કૂલનું પેલું નાટક યાદ છે ? તને ખેડૂતનું પાત્ર મળ્યું હતું અને ધ્રુવ ડોક્ટર બન્યો હતો ?"

થોડું હસીને ભાવિક બોલ્યો, "હા, યાદ છે. એમા મારી એક્ટિંગ બધાએ ખૂબ વખાણી હતી."

"હા, ખૂબ સારી એક્ટિંગ કરી હતી તે. પણ તું મને એ કહે કે એ નાટકમાં તું એવું જોઈને દુઃખી થયો હતો કે ધ્રુવ પાસે સ્ટેથોસ્કોપ છે અને તારી પાસે નથી ?" હર્ષે ગંભીરતાથી પૂછ્યું.

"કેવી ઊટપટાંગ વાતો પૂછે છે તું ? એવું હું શા માટે જોઉં ? મારા રોલમાં સ્ટેથોસ્કોપની જરૂર જ ક્યાં હતી ? એ તો રોલના હિસાબે વસ્તુઓ મળી હતી." હર્ષના પ્રશ્નનો જવાબ આપતા ભાવિક બોલ્યો.

"હા, ખરું કહે છે તું ભાવિક. જેમ એ નાટકમાં રોલના હિસાબે વસ્તુઓ મળી હતી, એમ આપણી લાઈફમાં પણ આપણને હિસાબસર જ બધું મળે છે. એમાં જે નથી મળ્યું એને માટે દુઃખી થવાની જરુર જ નથી."

પણ ભાવિકને હર્ષની વાત સમજાઈ નહીં. મોઢું લટકાવીને એ ચાલી રહ્યો હતો. બન્ને શાંત હતા. દરિયાના મોજાનો અવાજ આવી રહ્યો હતો. વાતાવરણને થોડું હળવું કરવા હર્ષે ખોબામાં પાણી લીધું અને ભાવિકના મોઢા પર છાંટવા ગયો. ભાવિક માથું નીચું કરીને ખસી ગયો. અધકચરા મને ભાવિકે પણ હર્ષ પર પાણી ઉડાડ્યું. હર્ષના ચશ્માં ભીંજાઈ ગયા. ચશ્માં કાઢી હર્ષે ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો.

"સોરી યાર. ચશ્માં ખરાબ તો નથી થયા ને ?" ભાવિકે પૂછ્યું.

"ના, લૂંછી કાઢું છું." ચશ્માં લૂંછતાં હર્ષ બોલ્યો, "તું પણ તારા ચશ્માં લૂંછી કાઢ."

"મારા ચશ્માં ?" ભાવિકે આશ્ચર્યથી પૂછ્યું, "મારે ક્યાં ચશ્માં છે ? ચશ્માંની સાથે પાણી તારા મગજમાં પણ ઘૂસી ગયું છે કે શું ?"

"હું તારી દૃષ્ટિના ચશ્માની વાત કરું છું. ચશ્મા ચોખ્ખા કરીને જોઈશ તો તનેય ક્યાંય દુઃખ લાગશે જ નહીં. ખોટું કમ્પેરીઝન કરીને જુએ છે એટલે તને દુઃખ થાય છે. જે તારી પાસે છે, જે તને આવડે છે એનું તને સુખ નથી, પણ જે તારી પાસે નથી એના અસંતોષમાં તું દુઃખી રહે છે." ગંભીરતાથી હર્ષે ફરી ભાવિકને સમજાવવાની કોશિશ કરી.



પહેલી વાર હર્ષને આટલો ગંભીર જોઈ, ભાવિક એકદમ સ્થિર થઈ ગયો. બન્ને જણ નજીકના એક ખડક પર જઈને બેઠા. ત્યાં તો એક ખિસકોલી હર્ષના પગ પાસે આવી ઝડપથી દોડી ગઈ. ખિસકોલી જોઈને હર્ષને એક વાર્તા યાદ આવી.

ભાવિકની સામે નજર કરીને હર્ષે કહ્યું, "ખબર છે ભાવિક, મારી પોઝિટિવ દૃષ્ટિનો

શ્રેય હું મારા દાદાજીને આપું છું. જીવનમાં હમેંશા પોઝિટિવ રહેવાનું એમણે મને શીખવ્યું છે.

વર્ષો પહેલાં એમણે મને એક વાર્તા કહેલી. એક જંગલમાં એક ખિસકોલી, બતક અને સસલું રહેતા. ત્રણેય ખૂબ ખુશમિજાજી હતા અને ત્રણેવમાં ખૂબ સારી મિત્રતા પણ હતી. પણ જેમ સમય પસાર થવા લાગ્યો એમ એમની મિત્રતા કટુતામાં બદલાવા લાગી અને તેઓ ખૂબ દુઃખી રહેવા લાગ્યા. જાણે છે કેમ ? ત્રણેય જણ એક બીજા સાથે કમ્પેરીઝન કરવા લાગ્યા.

બતકને થયું, ''આ સસલું અને ખિસકોલી તો કેવું ઝડપથી દોડે છે. મને તો એમના જેવું દોડતાં જ નથી આવડતું.''

બતક એ ભૂલી ગયું કે એને સરસ તરતા આવડે છે. દોડવાની લ્હાયમાં એના પગ ખરાબ થઈ ગયા અને એને તરવામાં પણ મુશ્કેલી પડવા લાગી. સસલું પણ ખિસકોલીની જેમ ઝાડ પર ફટાફટ ના ચડી શકવાને કારણે દુઃખી રહેવા લાગ્યું. અને ખિસકોલીને તરતા ના આવડવાનો અસંતોષ રહેતો. આમ ત્રણેએ પોતાની સરસ મજાની જીંદગીમાં કમ્પેરીઝન કરી જાતે જ દુઃખને આમંત્રણ આપ્યું. સરસ મજાના ભોજનમાં કાંકરા નાખ્યા અને દુઃખી થયા.

હવે ભાવિકને હર્ષની વાત બરાબર સમજાઈ. લાઈફમાં બધું હિસાબસર મળે છે. એ સમજાયું અને પોતાની ઊંધી દૃષ્ટિના ચશ્માં પણ ઓળખાયા.

રાત પડી ગઈ હતી. ઘરના ગેટ પાસે આવી ભાવિક બોલ્યો, ''કાલે સાંજે આઈસ્ક્રીમ પાર્ટી.''

''પાર્ટી ?'' હર્ષે નવાઈ પામતા પૂછ્યું.

''કેમ ભૂલી ગયો ? ઈંગ્લીશમાં સૌથી વધુ માર્કસ આવ્યા એની પાર્ટી !''

હર્ષે મીઠી સ્માઈલ આપી અને પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.

# પોઝિટિવિટીનો પાવર

લક્ષ્મીચંદના ઘરે વૈભવની કોઈ ખામી નહોતી. પાણી માંગે ત્યાં દૂધ મળે ! ઘર જેટલું વૈભવશાળી એટલું ખાનદાન પણ ખરું. કુટુંબમાં કોઈને પણ પૈસાની તકલીફ પડે તો એ લક્ષ્મીચંદના ઘરનો દરવાજો ખટખટાવે અને ખાલી હાથે એ ક્યારેય પાછો ના ફરે.



પણ સમયને ફરતા વાર કેટલી ? જેમ દિવસ પછી રાત આવે, એમ લક્ષ્મીચંદના વેપારમાં પણ સંજોગો પલટાયા. અચાનક વેપારમાં ભારે નુકસાન આવી પડ્યું.

ખૂબ વૈભવ ભોગવનાર લક્ષ્મીચંદે આવા દિવસોની તૈયારી નહોતી રાખી. અચાનક જ આવું ભારે નુકસાન આવી પડતાં તેઓ ભાંગી પડ્યા. માનસિક તણાવને કારણે એમને સતત 'આ વિકટ પરિસ્થિતિમાંથી ક્યારેય બહાર નહીં નીકળી શકું, હું તો સાવ પાયમાલ થઈ ગયો.' આવા નકારાત્મક વિચારો આવવા લાગ્યા. પરિણામે તેઓ વધારે ને વધારે નુકસાનીમાં ગરકી રહ્યા હતા.

એક દિવસે તેઓ શહેરના બગીચામાં માથે હાથ મૂકી ગુમસુમ બેઠા હતા. ત્યાં તો એક વૃદ્ધ એમની પાસે આવ્યા. ખૂબ નરમાશથી એ વૃદ્ધે લક્ષ્મીચંદને પૂછ્યું, ''તમને કંઈ પરેશાની હોય એવું

> ''આખું વર્ષ મેં મુશ્કેલીનો એમ વિચારીને સામનો કર્યો કે જરૂર પડે મારી પાસે પૈસા છે. પણ એ પૈસા તો ખરેખર હતા જ નહીં. એ તો કાલ્પનિક જ હતા. તો મુશ્કેલીનો સામનો કરવામાં મને કોણે મદદ કરી ?''

લાગે છે.''

લક્ષ્મીચંદે પોતાની આખી કહાણી એમને કહી સંભળાવી. મોઢા પર આછા સ્મિત સાથે એ વૃદ્ધ બોલ્યા, ''હું આપની મદદ કરી શકું છું.''

એમ કહી એમણે પોતાના ખિસ્સામાંથી એક ચેક કાઢ્યો. ઉપરના ખિસ્સામાંથી એક પેન કાઢી, ચેક પર લક્ષ્મીચંદના નામ સાથે એક રકમ લખી. પછી સહી કરીને ચેક લક્ષ્મીચંદના હાથમાં આપ્યો અને બોલ્યા, ''આજથી બરાબર એક વર્ષ પછી હું આપને આ જ જગ્યાએ મળીશ. ત્યારે તમે મને મારા પૈસા પાછા આપી દેજો.''

આમ કહી વૃદ્ધ ત્યાંથી ચાલ્યા ગયા. લક્ષ્મીચંદને એમની સાથે બીજી કોઈ પણ વાત કરવાનો મોકો ના મળ્યો. લક્ષ્મીચંદ સ્તબ્ધ થઈને એમને જતા જોઈ રહ્યા. સાક્ષાત ભગવાન જાણે કોઈ રૂપ લઈ ધરતી પર આવ્યા હોય એવું એમણે અનુભવ્યું.

ચેક પરની રકમ અને સહી જોઈને લક્ષ્મીચંદ દંગ રહી ગયા. ચેક હતો પાંચ લાખ રૂપિયાનો અને સહી હતી પુરુષોત્તમ શાહની. પુરુષોત્તમ શાહ એટલે એ વખતના સૌથી શ્રીમંત અને ધનાઢ્ય વ્યક્તિ. લક્ષ્મીચંદની આંખોમાંથી ખુશીના આંસુ સરી પડ્યા. ચેક માથે અડાડીને એમણે મનમાં ને મનમાં ભગવાનનો ખૂબ ઉપકાર માન્યો.

વારે વારે પાંચ લાખ રૂપિયાનો ચેક જોતાં એમને હિંમત આવવા લાગી, ''વેપાર કરવાની સૂઝ અને



"નેગેટિવ ચિંતવનાથી હું નુકસાનીમાં ગરકી ગયો હતો અને પોઝિટિવ ચિંતવનાથી હું એ નુકસાનીમાંથી બહાર નીકળી શક્યો."



શક્તિ તો મારામાં છે જ ને ! ફરી વાર મેહનત કરીને હું મારો વેપાર પહેલા જેવો જ સમૃદ્ધ બનાવી દઈશ.''

સાથે સાથે એમણે એવું પણ નક્કી કર્યું કે ''વેપારના પૈસામાંથી જ હું મારું દેવું ચૂકવીશ. મને ખાતરી છે, હું થોડા સમયમાં જ બધું દેવું ચૂકવી દઈ શકીશ. આ પૈસા તો મારી પાસે આવી જ ગયા છે. પણ હું આ ચેક હમણાં નહીં વટાવું. જરૂર પડશે તો જ વાપરીશ. બાકી તો મારી આવડતથી જ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળીશ. હું ચોક્કસ નીકળીશ...નીકળીને જ રહીશ...''

આવા પોઝિટિવ વલણ સાથે લક્ષ્મીચંદે વેપારમાં ફરી ઝંપલાવ્યું. હિંમત આવતાની સાથે સાથે લક્ષ્મીચંદને નુકસાનમાંથી બહાર નીકળવાના રસ્તાઓ અને ઉપાયો પણ સૂઝવા લાગ્યા. થોડા જ સમયમાં એમણે પોતાનું બધું જ દેવું ભરપાઈ કરી દીધું. એટલું જ નહીં, એમનો વેપાર પણ ખૂબ વિકાસ પામ્યો.

બરાબર એક વર્ષ પછી, લક્ષ્મીચંદ વટાવ્યા વિનાનો ચેક લઈ બગીચામાં ગયા. થોડી વારમાં પેલા વૃદ્ધ પણ ત્યાં હાજર થયા. લક્ષ્મીચંદ પેલા વૃદ્ધને પોતાની સફળતાની વાત કહેવા જતા હતા ત્યાં તો એક નર્સ પાછળથી દોડતી દોડતી આવી.

વૃદ્ધની બાંયો પકડીને બોલી, '' હાંશ, આજે મેં આમને પકડી લીધા. એ તમને હેરાન તો નહોતા કરી રહ્યા ને ?'' નર્સે લક્ષ્મીચંદને પૂછ્યું, અને પછી પાછળ કહ્યું, '' વર્ષો પહેલા તેઓ પોતાની માનસિક સમતુલના ગુમાવી બેઠેલા. અને ત્યારથી તેઓ બધાને કહેતા ફરે છે કે પોતે પુરુષોત્તમ શાહ છે અને બધાને ખોટા ખોટા ચેક આપ્યા કરે છે.'' અને આમ કહી નર્સ એ વૃદ્ધને પકડીને લઈ ગઈ.

લક્ષ્મીચંદના આશ્ચર્યનો પાર ના રહ્યો. પગ નીચેથી જાણે ધરતી ખસી ગઈ. થોડી ક્ષણો ચેક સામે તાકીને જોયા બાદ તેઓ વિચારવા લાગ્યા, 'આખું વર્ષ મેં મુશ્કેલીનો એમ વિચારીને સામનો કર્યો કે જરૂર પડે મારી પાસે પૈસા છે. પણ એ પૈસા તો ખરેખર હતા જ નહીં. એ તો કાલ્પનિક જ હતા. તો મુશ્કેલીનો સામનો કરવામાં મને કોણે મદદ કરી ?'

ખૂબ વિચાર કરતાં કરતાં એમને અંદરથી જ જવાબ મળ્યો કે 'પૈસા મળવાથી એમની વિચારધારાએ જે સવળો વળાંક લીધો, એના કારણે મારામાં આત્માવિશ્વાસનો ફરી સંચાર થયો. ને હું મુશ્કેલીઓનો નીડરતાથી સામનો કરી સફળતાપૂર્વક એમાંથી બહાર નીકળી શકવા સમર્થ બન્યો. નેગેટિવ ચિંતવનાથી હું નુકસાનીમાં ગરકી ગયો હતો અને પોઝિટિવ ચિંતવનાથી હું એ નુકસાનીમાંથી બહાર નીકળી શક્યો.'

અને તે દિવસથી લક્ષ્મીચંદને દ્રઢ શ્રદ્ધા બેસી ગઈ કે જેવું વિચારીએ એવું થાય. ઊંધુ વિચારો તો સવળું પણ ઊંધું થઈ જાય અને સવળું વિચારો તો ઊંધું પણ ધીમે ધીમે સવળું થતું જાય. માટે હંમેશા પોઝિટિવ વિચારવું.

લક્ષ્મીચંદ શેઠે તો કાયમ પોઝિટિવ રહેવાનું નક્કી કર્યું અને તમે ?



## બરોડાનાં બાળકો પૂજ્યશ્રી સમક્ષ રજૂ કરેલા કલ્ચરલ પ્રોગ્રામની ઝલક














પરમ પૂજ્ય દાદાશ્રીના ભરૂચ ખાતે ઉજવાયેલા ૧૦૬ મા જન્મજયંતિ મહોત્સવ દરમિયાન બાળવિજ્ઞાનના પુસ્તકો અને ભક્તિ પદની સી.ડી.નું વિમોચન કરતા પૂજ્યશ્રી.







## અક્રમ એક્સપ્રેસ 'કવરપેજ સ્પર્ધા'નો વિજેતા



નામ: પટેલ ધૈર્ય એચ.

ગામ: ભરૂચ

ઉંમર: ૧૧



Akram Express

Decmber 2013
Year : 6, Issue : 4
Conti. Issue No.: 64

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## જન્મજયંતિ મહોત્સવની ભવ્ય શુભારંભ ઉજવણીના ગીત અને ડાન્સ સાથે થઈ હતી.







## ચીલ્ડ્રન પાર્કમાં રંગમંચ પર ભરૂચની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ નાટક,નૃત્યો,ગીત રૂપે પરફોર્મન્સ આપ્યા હતા.






### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.